# શાળા મારી ભાવભૂમી...



શ્રી સર્વોદય કેળવણી મંડળ–ઉમરાળા સંચાલિત

# શ્રી પો. મૂ. સર્વોદય હાઈસ્કૂલ

S.S.C. No.: 62.081 / H.S.C. No.: 12.039

ઉમરાળા, જિ. ભાવનગર. પીન : 364 330. Phone : (02843) 235245 M. 942697 0185
School DISE Code : 24140404306 E-mail : pmshu62081@gmail.com
School Blog : https://edulogs.wordpress.com/my-school/














# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાન ક્રમાંક |
|---|---|---|
| 1 | શાળાનો વૈભવ | 1 |
| 2 | નવતર પ્રયોગ | 2 |
| 3 | વ્યાખ્યાન માળા | 3 |
| 4 | સ્નેહનો સરવાળો | 4 |
| 5 | રાજ્ય કક્ષાએ પહોંચી સર્વોદય | 5 |
| 6 | અમે સૌ નાના બાળ વૈજ્ઞાનિક | 6 |
| 7 | શાળાને મળ્યા ભામાશાઓ અને લોક ભાગીદારીથી થયો ઉજાસ | 7 |
| 8 | પ્રકૃતિનો સહવાસ ઈકો કલબ | 8 |
| 9 | શાળામાં ચાલતો રાષ્ટ્રીય સેવા યોજનાનો યજ્ઞ | 9 |
| 10 | શાળામાં ચાલતી બાળ પોલીસદળની પ્રશંસનીય કામગીરી | 10 |
| 11 | ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ | 11 |
| 12 | કલાની અભિવ્યકિત | 12 |
| 13 | મન મોર બની થનગાટ કરે | 13 |
| 14 | શાળાની જ્ઞાન પરબ | 14 |
| 15 | અણદીઠ ધરા પર યૌવન માંડે આંખ | 15 |
| 16 | વૈવિધ્યસભર પ્રાર્થના | 16 |
| 17 | પ્રેસનોટ અને શાળાએ મેળવેલ બહુમાન | 17 |
| 18 | ઝાઝા હાથ રળિયામણા | 18 |
| 19 | ત્યારે સમગ્ર સૃષ્ટિ એક શાળા બની જાય છે. | 19 |
| 20 | અમારો શાળા પરિવાર | 20 |



સંત વિનોબાજી

# શાળાનો વૈભવ




પ.પૂ.શંકરાચાર્યજી

1951 માં ઉમરાળાના વતની અને મુંબઇ વસતા શ્રી નવુદાદાએ પોતાના પિતાજીના નામથી પોપટલાલ મૂળજીભાઇ ઓઝા મીડલ સ્કૂલના નામથી ધો 8 અને 9 ની સરકારી સ્કૂલ શરુ કરી. ત્યારબાદ ઉમરાળા તાલુકામાં સંત વિનોબાજીનું આગમન થયું ... અને તેમનું સાન્નિધ્ય પામેલા ઉમરાળા ગામના સજ્જનો સ્વ.શ્રી જીવાભાઇ સવાણી અને ગ્રામજનોએ સાથે મળીને શ્રી સર્વોદય કેળવણી મંડળ–ઉમરાળાની સ્થાપના કરી. ત્યાર પછી સંસ્થાના દાતા ઓઝા કુટુંબના ગુરુ પદે રહેલા પરમ પૂજ્ય શંકરાચાર્યજી મહારાજ દ્વારકા પીઠેશ્વર પરિવ્રાજક પરમહંસ શ્રી અભિનવ સચ્ચિદાનંદતીર્થજીના વરદ હસ્તે શ્રી પોપટલાલ મૂળજીભાઇ સર્વોદય હાઇસ્કૂલના હાલના મકાનનો શિલાન્યાસ વિધિ તા. 11-4-1969 ના રોજ કરવામાં આવ્યો. આ પ્રસંગે તેમણે શિક્ષણ નો પર્યાય ગણીને જે આશીર્વાદ આપ્યા તેનો ભાવ આજે પણ સંસ્થામાં પ્રવેશ કરતા જ અનુભવાય છે.

સોનામાં સુગંધ સ્વરૂપ આ શાળાને આચાર્ય મળ્યા.... સવાણીદાદા 1962 ના જૂન મહિના માં ઉમરાળાના વતની અને શારદાગ્રામ સંસ્થામાં મહત્વની જવાબદારી સંભાળતા શ્રી જાદવજીભાઇ પ્રાગજીભાઇ સવાણીને વતનનો સાદ પડયો ને ઉમરાળાને શારદાગ્રામ બનાવવાની નેમ સાથે આ શાળાનાં આચાર્ય પદે બિરાજમાન થયા... અને સાથે જ સંસ્થામાં સંગીત સાત સૂર રેલાયા....

1976 માં શિક્ષણનું માળખું બદલાતા આ શાળામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગ શરુ થયો. 1962 થી આજસુધીમાં સંસ્થાએ અનેક તેજસ્વીતાની સમાજને ભેટ આપી છે. જેમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ, શિક્ષણ અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ તરીકે સમાજ માં ગૌરવપદ સ્થાને બિરાજમાન થયા છે. એટલુ જ નહીં પણ આ સંસ્થા માંથી મળેલા મૂલ્યોને સાચવીને જીવન જીવી રહ્યા છે.

વર્ષ 1986 માં ૨૫ વર્ષ પૂરા થયા ત્યારે રજતજયંતીની ઉજવણી થઇ. સવાણીદાદા દ્વારા '' ભાવામૃતમ્ '' અંકનું સર્જન થયુ. વર્ષ 2015 માં શાળાએ 50 વર્ષ પૂર્ણ કરતા શાળા પરિવાર દ્વારા સુર્વણજયતીની ઉજવણી ખૂબ જ ધામધૂમથી કરવામાં આવી હતી. અને ''ભાવોત્સવ'' અંક નિર્માણ પામ્યો.... આમ શાળાની વિકાસ યાત્રા અવિરત રીતે ચાલતી રહી... અને આજે જાણે તે સોળે કળાએ ખીલી રહી છે.



શ્રી પોપટલાલ ઓઝા

# નવતર પ્રયોગો..



અહીં વૃક્ષોના પાંદડામાંથી બને છે સોનેરી ખાતર શાળામાં ચાલતા N.S.S. ના સ્વયં સેવકો દ્વારા શાળાનાં મેદાનમાં ખરતાં વૃક્ષોના પાંદડા, કાગળ વિ. નો કચરો બાળવાના બદલે એક ખાડો તૈયાર કરી તેમા સડવા માટે આ પાંદડા વિ. કચરો નાખવામાં આવે છે. જેમાંથી તૈયાર થતું ખાતર ખેડૂત પુત્રો (વિદ્યાર્થીઓ) ને વિના મૂલ્યે આપવા માં આવે છે... જે વૃક્ષો માટેની સંવેદના જગાડે છે.

અહીં મળે છે પ્રાથમિક શાળાઓને પોતાની સ્થિતિનો ખ્યાલ... સમગ્ર ગુજરાતની માધ્યમિક શાળાઓમાં લાગુ પાડવા જેવો પ્રયોગ . અમારી શાળામાં કરવામાં આવ્યો જેમાં અમારી શાળામાં ધો-૯ માં પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓ જેમા પાંચમા થી આઠમા ધોરણની કક્ષાના પ્રશ્નો પૂછવામાં આવે છે આ લેખિત ટેસ્ટના ગુણના આધારે સમીક્ષા કરી તે વિદ્યાર્થીઓની પ્રાથમિકશાળાના આચાર્ય સાથે બેઠક યોજી નબળા-માધ્યમ અને સારા વિદ્યાર્થીઓ ની સંખ્યા આપવામાં આવે છે. અને આગળના વર્ષમાં વધુ સારુ ગુણાત્મક કાર્ય કરવા પ્રાથમિકશાળાઓને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે.

| ક્રમ | પ્રા. શાળા નુ નામ | કુલ પ્રવેશ પામેલા | નબળા | મધ્ય | સારા | ઉત્તમ |
|---|---|---|---|---|---|---|
| 1 | X | 30 | 10 | 10 | 05 | 05 |
| 2 | Y | 39 | 11 | 15 | 07 | 06 |
| 3 | Z | 32 | 08 | 12 | 07 | 05 |

## શ્રીમદ્ ભગવદ્ ગીતા ક્વિઝ



...અને પછી શ્રીમદ્ ભગવદગીતા વાંચવા માટે.... પડા..પડી.. થઇ. શ્રીમદ્ ભગવતગીતા જેવા અઘરા વિષયને કેમ સહેલો બનાવવો તે વિચાર્યુ અને પછી વિચાર આવ્યો કે શ્રીમદ્ ભગવદ્ ગીતા ની મેચ રાખીએ તો ?
દરેક અધ્યાયમાંથી એક કે બે શબ્દમાં જવાબ મળે તે રીતે સરળ પ્રશ્નો કાઢવામાં આવ્યા દા.ત. ભગવાન શ્રી કૃષ્ણ ના શંખ નું નામ આપો વગેરે.. પછી દરેક વર્ગો વચ્ચે ટીમ પાડીને ક્વીઝ રમાડવામાં આવી. વિદ્યાર્થીઓ ને આ કવીઝ માં એટલો બધો રસ પડ્યો કે પો.મૂ.સર્વોદય હાઇસ્કૂલનો એક...એક વિદ્યાર્થી શ્રીમદ્ ભગવદ ગીતા વાંચતો થઇ ગયો..




**પ્રમાણિકતા નો વ્યાપાર**

શાળાના પ્રાર્થના હૉલમાં વિદ્યાર્થીઓ માટે એક નાનકડી દુકાન ચાલે છે પણ તેમાં વસ્તુ વેચનારુ કોઇ બેસતુ નથી... વિદ્યાર્થીઓ પોતાની મેળે જ પૈસા મૂકીને બોલપેન જેવી વસ્તુની ખરીદી કરે છે... છેલ્લા બે વર્ષ થી ચાલતી આ દુકાન માં નફો થયો છે પણ ખોટ ગઇ નથી... આમ સહજ રીતે જ પ્રમાણિકતાનો વેપાર થાય છે.

## શિષ્ય પૂર્ણિમા



આ શાળામાં અનોખી રીતે પૂર્ણિમા ઉજવાય છે ભારતમાં કાર્તિકી પૂર્ણિમાથી માંડીને શરદ પૂર્ણિમા વગેરે ઉજવાય છે શાળાના સ્થાપક શ્રી સવાણીસાહેબને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળ્યો તેમાં તેમને પુરસ્કાર રૂપે જે રકમ મળી તે રકમમાં બીજી તેટલી જ રકમ ઉમેરીને તેમણે વિદ્યાર્થીઓ માટે વાપરવાનું નક્કી કર્યુ. તેમણે અષાઢી પૂર્ણિમાની નવી વિભાવના રજૂ કરી. આ દિવસે તેજસ્વી શિષ્યોનું અભિવાદન કરવાનું વિચાર્યુ. ગુરૂની અર્ચના તો આ દિવસે થાય જ પણ ગુરૂ દ્વારા શિષ્યનું અભિવાદન આ શાળામાં શરુ થયું જે પરંપરા આજે પણ જળવાય છે.

# શ્રી જાદવજીભાઈ પ્રાગજીભાઈ સવાણી
# વ્યાખ્યાન માળા



સ્વ. જાદવજી પ્રા.સવાણી

મણકો-૧




મણકો-૨



મણકો-૩




શાળાના પૂર્વ આચાર્ય અને ઋષિતૂલ્ય વિભૂતિ પૂ.જાદવજીભાઈ પ્રાગજીભાઈ સવાણી ના નામથી અને તેમના પરિવારના આર્થિક સહકારથી શરૂ થયેલી ''શ્રી જાદવજી પ્રાગજી સવાણી વ્યાખ્યાન માળા'' ના પ્રથમ મણકામાં શાળાના પૂર્વ આચાર્ય શ્રી એમ.એમ.ગોહિલ, બીજા મણકામાં જાણીતા કવિ શ્રી ડો. વિનોદ જોષી અને ત્રીજા મણકામાં શ્રી જય વસાવડાનું વ્યાખ્યાન યોજાઈ ગયુ જેમા જય વસાવડાના મુખેથી શાળા વિષે જે ઉદ્‌ગાર સરી પડયા તે ... તેમના જ શબ્દોમાં...

''અહી હમણાં જ નવા વર્ગ ખંડોનું ઉદ્‌ઘાટન થયું. નવનિર્માણ થાય તે મને ગમે જ પણ શાળા તે મકાનમાં નથી ... પણ શિક્ષક અને વિદ્યાર્થીઓના સંબંધમાં છે. હમણાં આચાર્ય સાહેબ કહેતા હતા એના રિપોર્ટમાં કે ; અમારે જે પ્રકારના વિદ્યાર્થીઓ આવે છે એના પ્રમાણમાં તમે રિજલ્ટ જૂઓ અમે કેવું લઈ આવીએ છીએ અને અમારા છોકરાઓ કયાં પહોંચે છે ? તે વાત સાવ સાચી છે.

તમે તૈયાર લચકામાંથી શીખંડ બનાવો અને તમે દૂધ મેળવીને તેમાંથી દહીં જમાવીને તેને બાંધોબાંધીને તેમાંથી મલાઈ જૂદી તારવીને તેમાં તમારા ઘરની ખાંડ નાખીને, એલચી બદામ નાખો અને પછી તમે શીખંડ બનાવો તે જૂદી વાત છે. આ શાળા આ પ્રવૃતિ કરી રહી છે.

આ શાળાનું કાર્ય દહીંમાંથી શીખંડ બનાવવાનું છે.... તૈયાર લચકો નથી દ્રોણાચાર્યની ફાઈવ સ્ટાર સ્કૂલ હતી જયાં માત્ર રાજકુમારોને જ એન્ટ્રી હતી એકલવ્ય કે કર્ણ ને ત્યાં એડમીશન આપવામાં આવ્યુ નહોતુ. જયારે સાંદીપની ઋષિ ની સ્કૂલ માં દ્વારકાનો ભાવિ રાજા પણ એડમીશન લઈ શકે અને પોરબંદરનો ગરીબ બ્રાહ્મણ પણ ત્યાં ભણી શકે... આ શાળા સાંદીપની નો આશ્રમ છે.''

# "સ્નેહ નો સરવાળો"


## વર્ષ - 2017/18 માં શાળામાં પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓની સંખ્યાનો સરવાળો....

| ધોરણ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| 9 | 171 | 26 | 197 |
| 10 | 127 | 45 | 172 |
| 11 | 77 | 13 | 90 |
| 12 | 70 | 34 | 104 |
| ટોટલ | 445 | 118 | 563 |

એસ.એસ.સી પરીક્ષા મે–1986
ગુજરાત રાજ્ય પ્રથમ
ત્રિવેદી શૈલેષકુમાર અરવિંદભાઈ
503/600 83.83 %

એચ.એસ.સી ઓકટોબર–1983
ગુજરાત રાજ્ય પ્રથમ
ગોળકિયા લક્ષ્મીબેન કાળુભાઈ
465/600 77.50 %

## અમારું પરિણામ



# રાજ્ય કક્ષાએ પહોંચી સર્વોદય

**શાળા અમારી જન્મભૂમિ**
**જ્ઞાન ગંગા જયાં વહે.....**




**ગોધરા ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાના કલા ઉત્સવમાં ઉમરાળાની પો.મૂ. સર્વોદય હાઈસ્કુલની વિદ્યાર્થીની અવનીબેન પી.જાનીએ કવિતા વિભાગમાં ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરીને ઉત્કૃષ્ટ દેખાવ કરતા તેમને ગુજરાતના મૂર્ધન્ય કવિ કૃષ્ણ દવેના હસ્તે એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં.**

ગત સાલ અમારી શાળામાં કલા ઉત્સવનું આયોજન થયુ. નાનપણથી જ લખવાનો શોખ પણ પેલી કહેવત છે ને ''વાડ વગર વેલો નો ચડે'' મારામાં રહેલી આ કલાને શ્રી પો.મૂ.સર્વોદય હાઈસ્કૂલના શિક્ષકોએ ઓળખી અને એને યોગ્ય દિશા મળી. રાજ્ય કક્ષા સુધી ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવાનો લાભ મળ્યો. જે માટે આ સંસ્થા તેમજ GCERT ની કાયમી ઋણી રહીશ.

અમારી સંસ્થામાં મહાન વકતાઓને સાંભળવાનો લ્હાવો મળતો રહે છે. જેમાંથી વિદ્યાથીઓને ખૂબ જ પ્રેરણા મળે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં સંસ્થાનાં ટ્રસ્ટીગણ, આચાર્ય, અને શિક્ષકો સતત પ્રયત્નશીલ રહે છે. અમારી આ શાળા એ માત્ર શાળા નહિ એક પરિવાર છે. એવી કઇ પ્રવૃતિ છે જે અમારી શાળામાં ન થતી હોય ? શિક્ષણ સાથે સતત ધમધમતી અમારી શાળા એક સુંદર મજાનો બાગ છે. જેમાં દરેક પ્રકારના પુષ્પો ખીલી શકે છે. ગ્રામ્ય કક્ષાએ આટલી સુંદર શાળા એક સ્વપ્ન સમાન છે. જયાં માત્ર શૈક્ષણિક ઘડતર નહી પરંતુ જીવનનું ઘડતર થાય છે.

અમારા વિદ્યાર્થીઓના જીવનને સુંદર આકાર આપી શકે યોગ્ય વ્યકિતત્વ ખીલવતી આ શાળાને મારા લાખ લાખ વંદન...

– શાળાની વિદ્યાર્થિની

## ભાવિ વૈજ્ઞાનિક નું નિર્માણ




રાજયકક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૭ માં શાળાના પ્રયોગે આકર્ષણ જમાવ્યુ

## યોગ નિદર્શન



યોગ સ્પર્ધામાં રાજયકક્ષા માટે પસંદગી પામ્યા શ્રી પો.મૂ. સર્વોદય હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ

# “ અમે સૌ નાના નાના બાળ વૈજ્ઞાનિક ”

## શાળામાં યોજાયો જિલ્લા કક્ષા નો ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ મેળો

શાળા માં યોજાયેલ જિલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન 2016/17 માં આજુ બાજુ ની શાળાઓ અને ગામમાંથી આશરે 5000 જેટલા બાળકો અને મહાનુભાવો પ્રદર્શન જોવા આવ્યા હતા જેમાં ગુજરાત સરકારના કેબીનેટ મંત્રી શ્રી આત્મારામભાઇ પરમાર અને જિલ્લા વિકાસ અધિકારી સાહેબ પ્રદર્શનમાં ઉપસ્થિત રહ્યા હતા અને બાળ વૈજ્ઞાનિકોને તેના પ્રયોગો ને લગતા પ્રશ્નોની ચર્ચા વિચારણા કરી હતી. અને તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યુ હતું.




શાળામાં યોજાયેલ જિલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શન-2017 ની મુલાકાતે મહાનુભાવો

આ પ્રદર્શનમાં મુકાયેલી શાળાની કૃતિ **રાજય કક્ષા માટે પસંદગી પામી હતી** જેનો વિષય હતો **‘ઇઝી ટુ ઓપરેટ સોલાર સ્પ્રેયર પંપ’** જે ખેતી વાડીમાં જરૂરી દવાના છંટકાવ માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થાય તેવી છે. આ ઉપરાંત તે સોલાર થી ચાલતી હોવાથી ખર્ચ પણ ઓછો આવે છે અને ખેડૂત મિત્રો સરળતાથી તેનો ઉપયોગ કરી શકે છે.

આ કૃતિ માટે શાળાના **ગણિત વિજ્ઞાન શિક્ષકશ્રી તથા વિદ્યાર્થી મિત્રો** એ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.



જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનની એક કૃતિ



GSERT ના પૂર્વ નિયામક પંડિત સાહેબ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ કર્યુ પ્લાસ્ટિક મૂકત ઉમરાળા



રાજયકક્ષાનાં વિજ્ઞાન મેળામાં જવા ધમધમતી પ્રયોગશાળા



શાળામાં યોજાયેલ વર્ષ-2015/16 માં SVS કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રયોગ દર્શન કરતાં જિ.શિ.અધિકારીશ્રી આર.એસ.ડોડિયા સાહેબ



શાળાના મેદાન પરથી જ ચંદ્ર ઉપર પહોંચ્યાં ઉમરાળા ના ગ્રામજનો

# શાળાને મળ્યા ભામાશાઓ અને લોક ભાગીદારીથી થયો ઉજાસ.

**બસ, એટલી સમજ મને પરવરદિગાર દે સુખ જયારે જયાં મળે, ત્યાં બધાનો વિચાર દે.**



### શાળાને મળ્યા ભામાશાઓ

શ્રી જીવરાજભાઈ પી.સુરાણી (જે.બી.ડાયમંડ સુરત)
શ્રી વી.એસ.લખાણી (કિરણ જેમ્સ સુરત)
શ્રી મનુભાઈ જાદવભાઈ સવાણી (**U.S.A.**)
ડૉ. ગોરધનભાઈ દિયોરા (**U.S.A.**)
શ્રી વલ્લભભાઈ જે. સવાણી ( પાર ડ્રગ્સ, ભાવનગર)
શ્રીમતી હંસાબેન જી. મુંજાણી (મુંજાણી બ્રધર્સ)
શ્રીમતી બિંદુબેન ડી. દોશી (મુંબઈ)

શાળાની ભૌતિક સગવડતાઓમાં વધારો થયો, શાળાનું પ્રવેશ દ્વાર નવા વર્ગખંડો, કોમ્પ્યુટર લેબ.



### વિદ્યાર્થી કલ્યાણનાં કાર્યક્રમો :

શ્રી મનીષભાઈ ગોપાણી તરફથી શાળાના માતા પિતા વિનાના **27** બાળકોને સ્કૂલબેગ,પેન,પેન્સિલ, નોટબૂકની કીટ આપવામાં આવી.

નિવૃત્ત થતાં શિક્ષિકા રેખાબહેન દ્વારા આખી શાળાને સ્નેહભોજન કરાવી તમામ વિદ્યાર્થીઓને ટિફિન બોક્સની ભેટ આપી.



શ્રી વલ્લભભાઈ સવાણી દ્વારા શાળાની તમામ દિકરીઓને સ્કૂલ બેગની ભેટ આપવામાં આવી.







નવનિર્મિત વર્ગખંડોમાં પ્રવેશ

# પ્રકૃતિનો સહવાસ ઈકો ક્લબ

નરારાબેટ ખાતે ઓકટોપસ તથા બફરફિશ નિહાળતા સ્વયં સેવકો.





શાળામાં ચકલીના માળા બનાવવાનોવર્કશોપ.



છોડ ની માવજત કરતા સ્વયં સેવકો.



## પ્રકૃતિનો સહવાસ



- ઈકો કલબ દ્વારા વૃક્ષોની ઓળખ, પક્ષીઓની ઓળખ, પ્રકૃતિ પ્રત્યે આદર, પક્ષીઓ અને પ્રાણીઓ પ્રત્યે સંવેદના.
- સિંહ દિવસની ઉજવણી, ભાવનગર જિલ્લો બૃહદગીર જાહેર થતા ''સિંહ બચાવો'' અભિયાન તેને માટે સિંહના માસ્ક પહેરાવીને એક રેકોર્ડ બનાવાના ઉદેશથી ગામે ગામે રેલી જેવી પ્રવૃતિઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.
- પર્યાવરણ પ્રત્યે મિત્રતાનો ભાવ ઈકોકલબ દ્વારા ફેલાય છે.
- ચકલીના માળા બનાવીને તેનું વિતરણ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે.

વૃક્ષોના રોપાનું વિતરણ કરાયુ.



લોકમાતા કાળુભાર નદીનું પૂજન.






# " શાળામાં ચાલતો રાષ્ટ્રીય સેવા યોજનાનો યજ્ઞ "


**હમ હોંગે કામયાબ...**
**હમ હોંગે કામયાબ એક દિન...**
**હો.હો.. મન મેં હૈ વિશ્વાસ પૂરા હૈ વિશ્વાસ, હમ હોંગે કામયાબ એક દિન...**

**શાળામાં ચાલતા રાષ્ટ્રીય સેવા યોજના ના 100 સ્વયં સેવકોમાં રાષ્ટ્ર સેવાની ભાવના ઉજાગર કરવામાં આવે છે. હોસ્પિટલમાં સેવા, ગ્રામ સફાઇ, દરિયા કિનારાની સફાઇ, સ્વયંપાક અને સરકારશ્રી ની યોજનાઓને સફળ બનાવવાનો અવિરત પ્રયાસ આ સ્વયં સેવકો દ્વારા કરવામાં આવે છે.**

કોળિયાક દરિયા કાંઠાની સ્વચ્છતા



સ્વયંપાક



ગ્રામ સફાઇ



નાવડા ગામે નર્મદાના નીરની ગતિ-પ્રગતિ જાણતા NSS ના સ્વયંસેવકો




અમરગઢ હોસ્પિટલમાં એક દિવસીય શિબિર



# શાળામાં ચાલતાં બાળ પોલીસ દળની પ્રશંસનીય કામગીરી









" નન્હા મુન્ના રાહી...હું
દેશ કા સિપાહી હું..."

સ્ટૂડન્ટ પોલીસ કેડેટસ્ ની પ્રવૃતિમાં શાળાના બાળકો ખાખી વર્દીમાં અસલ પોલીસ અધિકારી જેવા જ લાગી રહ્યા છે. અને સખત તાલીમ પણ મેળવી રહ્યા છે.

વળી શાળાના નાના મોટા કાર્યક્રમો માં સુરક્ષાની જવાબદારી પણ આ બાળ પોલીસ દળ જ સંભાળે છે.

તેઓ રવિવારે પરેડ, દોડ વગેરે માં સતત પ્રવૃતિ શીલ રહે છે તથા બીજાને પણ પ્રેરણા આપતા રહે છે. અને પોતાનુ શરીર સૌષ્ઠવ જાળવી રાખે છે.









# 21 જૂન વિશ્વ યોગ દિવસ

- વિશ્વ યોગ દિવસની ઊજવણીમાં સામૂહિક યોગમાં સહભાગી બન્યા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનો
- બાળકોને રમતાં રમતાં ભણતાં કરવા શાળામાં રન ફોર યુનિટી, દોરડા ખેંચ, કોથળા દોડ, લીંબુ ચમચી જેવી અન્ય **મનોરંજનાત્મક રમતો**થી શાળા ધમધમતી રહે છે.




# કલાની અભિવ્યક્તિ



શાળાનું મૉડલ




ચિત્ર સ્પર્ધા



ગુજરાતના નિર્માતાઓ

**આપણે તો પંખીનો એવો પ્રવાસ**
**જેને એકય દિશા ન હોય બંધ**

- રંગોનુ વૈવિધ્ય અને સર્જનાત્મકતાનો સુમેળ ચિત્રો, માટીકામ અને રંગોળીમાં દેખાતી રંગસૃષ્ટિ શાળાના બાળકોનાં ઉત્સાહમાં પણ નજરે પડે છે.
- મહેંદી સ્પર્ધામાં તેનો રંગ ગયો ગુજરાત રે.... અનુભવાય છે.
- શાળાની દીવાલ ઉપર વિદ્યાર્થીઓએ જાતે જ ગુજરાતનો નકશો તૈયાર કર્યો અને બન્યા ગુજરાતનાં નિર્માતા.



માટી કામ



રંગોલી સ્પર્ધા



મહેંદી સ્પર્ધા

# મન મોર બની થનગાટ કરે

## શાળામાં સુવર્ણ જયંતી મહોત્સવ અને ત્રિવિધ મહોત્સવની ઉજવણી

શાળામાં ફેબ્રુ-૨૦૧૫ માં સુવર્ણ જયંતી વર્ષ ''ભાવોત્સવ'' અને ડીસે-2016 માં ત્રિવિધ મહોત્સવ (પ્રવેશદ્વાર અને નવા વર્ગખંડોનું ઉદ્‌ઘાટન) નિમિતે રાત્રિના સમયે સમગ્ર ઉમરાળા ગામના આબાલવૃધ્ધોએ શાળાનો રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો તેની ક્ષણ અહીં કચકડામાં કેદ થયેલ જોવા મળે છે.

**દાંડિયારાસ**



**તલવાર રાસ**




**સમુહ નૃત્ય**



**વ્યસન મૂકિત નાટક**



**પીરામિડ**




**રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં નૃત્ય રજૂ કરતા વિદ્યાર્થીઓ.**



# અણદીઠ ધરા પર યૌવન માંડે આંખ.

**શાળાના વિદ્યાર્થીઓ સાહસભર્યા કાર્યક્રમોમાં ખૂબ જ ઉત્સાહથી જોડાય છે...**

**અને તેમાં મળે છે વાલીઓનું પીઠબળ અને શિક્ષકોનો ઉત્સાહ અને સર્જાય છે...**

**સાહસની કંડારાતી કેડી ''યૌવન વીંઝે પાંખ''**

માળનાથના ડુંગરમાં જાણે ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરાની જેમ ટ્રેકીંગમાં નિકળેલા શાળાના વિદ્યાર્થીઓ.





ખજાનાની શોધમાં જુદાજુદા સંકેતો બનાવીને ખજાનાદાવ રમવામાં આકાશ-પાતાળ એક કરતાં વિદ્યાર્થીઓ.

રોમાંચભર્યા સાહસથી ભરપૂર થ્રી-ડી ફિલ્મ નિહાળતા શાળાના વિદ્યાર્થીઓ.





કાળુભાર નદીના ધરામાં ઢબ-ઢબતાં વિદ્યાર્થીઓ

**આબુ -અંબાજી નો શૈક્ષણિક પ્રવાસ**

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલની મુલાકાતે



# શાળાની જ્ઞાન પરબ

**અંગ્રેજી વર્તમાન પત્રોનું વાચન કરતાં ગ્રામ વિસ્તારના બાળકો...**

શાળામાં ન્યૂઝપેપર સ્ટેન્ડમાં ગુજરાતી અને અંગ્રેજીભાષાના અખબારો મૂકવામાં આવે છે. વિદ્યાથીઓ જયારે પણ સમય મળે છે ત્યારે વર્તમાનપત્રો વાંચવા દોડી આવે છે.



**સમૃધ્ધ બન્યું ગ્રંથાલય**

શાળામાં ગત વર્ષ જિ.પં.ભાવનગર ની આર્થિક સહાયથી 2 લાખની ગ્રાન્ટમાંથી સહજાનંદ ટ્રસ્ટ ભૂજમાંથી 3 લાખનાં પુસ્તકો અને કબાટ વસાવવામાં આવ્યા છે.



પુસ્તક આપ-લે ની પધ્ધતિને હવે સરળ બનાવવામાં આવી છે. માત્ર એક જ મિનિટમાં મળે છે.... કોઈપણ પુસ્તક



વલ્લભભાઈ સવાણીના સહયોગથી શાળાની કૉમ્પ્યુટર લેબ બનાવવામાં આવ છે. જેમા ICT પ્રોજેકટ અંતર્ગત બાળકો ડિઝિટલ શિક્ષણ મેળવી રહ્યા છે.




- 20 લાખના ખર્ચે નવનિર્માણ પામશે ઓડિટોરિયમ
- હાલ નો વર્ચ્યુઅલ કલાસરૂમ



શાળામાં સરકાર દ્વારા મળેલ વર્ચ્યુઅલ કલાસરૂમના સ્માર્ટ બોર્ડ ઉપર શાળાના વિદ્યાર્થીઓ જ્ઞાનવૃધ્ધિ કરી રહ્યા છે. તો વળી ઘણી વખત..માત્ર ગુજરાતના જ નહીં પરંતુ ભારતના કોઈપણ ખૂણામાં બેઠેલા વિદ્યાર્થીઓ સાથે જીવંત સંપર્ક કરી જ્ઞાનનું આદાન-પ્રદાન પણ કરે છે.

શાળાની પ્રયોગશાળામાં અવ-નવા પ્રયોગોની જાણે રહસ્યભરી જાદુઈનગરી



રંગ-રસાયણનું સંમિશ્રણ -પ્રકાશનું પરાવર્તન વનસ્પતિ કોશોના વિભાજનનું નિરીક્ષણ અને ગતિશિલતાના હાથવગા પ્રયોગોથી વિદ્યાર્થીઓને મળે છે સહજ રીતે જ્ઞાન-વિજ્ઞાનની સમજ..

# વૈવિધ્ય સભર પ્રાર્થના

**દૈનિક પ્રાર્થનામાં વિદ્યાર્થીઓ દ્વારા થતું સંચાલન**
**અભિવ્યકિતની મળતી તક દ્વારા વિદ્યાર્થીઓમાં વિકસતો કલાઅભિવ્યકિતનો ગુણ**
**તાલ, સંગીત અને સૂરનો યોજાતો સમન્વય.**







## પ્રાર્થનાની રૂપરેખા

- ➡ ૐ કાર પ્રાણાયામ
- ➡ પ્રાર્થના
- ➡ સુવિચાર
- ➡ સમાચાર
- ➡ જાણવાજેવુ
- ➡ પ્રતિજ્ઞા
- ➡ શાંતિ મંત્ર



# પ્રેસનોટ અને શાળાએ મેળવેલ બહુમાન

## પ્રકૃતિનો ખોળો ખુંદતા વિદ્યાર્થીઓ



ઉમરાળા હાઈસ્કુલમાં ચાલતા એનએસએસ યુનિ... વિદ્યાર્થીઓએ આજે સોમવારે યુનિટ હેડ પ્રવિણભાઈ કુકડીય... માર્ગદર્શન તળે એક વૃક્ષ એક જીવન કાર્યક્રમ અંતર્ગત અ... પસાર થતા સ્ટેટ હાઈવે ઉપર રાજસ્થળીના પાટીયા પા... ખારાના ખોડીયાર તરફ રોડની બંને સાઈડમાં સવાસો જે... વૃક્ષોના રોપાઓનું વાવેતર કર્યું હતું. તેમજ વાવેલા વૃક્ષોનો... કરવા સંકલ્પ કરેલ. તસવીર રાજવીરસિંહ ગોહિલ




## ઉમરાળાના છાત્રોને કીટનું વિતરણ

ઉમરાળા : જે વિદ્યાર્થીના માતા પિતા હયાત ન હોય તેવા બાળકોને એક સ્કુલબેગ, સાત નોટબુક અને દશ દશ પેન તથા પેન્સીલ ધરાવતી કીટ આપવાનુ સ્તુત્ય કદમ એચડી ગાર્ડી હાઈસ્કુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી મનિષભાઈ ગોપાણીએ ઉઠાવતા ઉમરાળાની પો.મુ. સર્વોદય હાઈસ્કુલમાં 20 વિદ્યાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવ્યુ હતુ.



**પહેલાં ગુડ ન્યૂઝ**

## ઉમરાળા સર્વોદય હાઈ.ના ઉપક્રમે આજે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે

ઉમરાળા | ઉમરાળાની પો.મૂ. સર્વોદય હાઈસ્કુલમાં ચાલતા એનએસએસ યુનિટ અને એકતા ગૃપ ઉમરાળાના સંયુક્ત ઉપક્રમે આજરોજ તા.2-7-16ના રોજ સ્કુલના પ્રાંગણમાં તેમજ ઉમરાળા વલભીપુર રોડની સાઈડમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. દર વરસે વૃક્ષારોપણ કર્યા બાદ તેનુ જતન કરીને વૃક્ષો ઉછેરનાર આ બંને સંસ્થાઓ સરાહનિય પ્રવૃતિઓ કરે છે.

## NSS શિબીરાર્થીઓ દ્વારા સફાઇ



પો.મ.સર્વોદય હાઈસ્કુલ ઉમરાળામાં ચાલતા એન.એસ.એસ. યુનિટના 68 શિબિરાર્થી ભાઈઓએ સમગ્ર હોસ્પિટલ પરિસર તથા રસોડા સંકુલમાં સાફ સફાઈ કરી અહીં આવતા દર્દીઓની પરોક્ષ રીતે સેવા કરવાનો લ્હાવો લીધો હતો. હોસ્પિટલના ટ્રસ્ટી તથા શાળાના આચાર્યએ શિબિરાર્થીઓ... સેવાકાર્યને બિરદાવ્યુ હતું.

**પહેલાં ગુડ ન્યૂઝ**

## ઉમરાળા હાઈ.ના NSS યુનિટ દ્વારા નિર્દોષાનંદ હોસ્પિ.માં શ્રમ શિબિર

ઉમરાળા | ઉમરાળાની પો.મુ.સર્વોદય હાઈસ્કુલમાં ચાલતા એનએસએસ યુનિટ દ્વારા તા.12 મંગળવારે ટીંબીની નિર્દોષાનંદ માનવ સેવા હોસ્પિટલમાં એક દિવસીય શ્રમશિબિરનુ આયોજન કરવામાં આવેલ છે. આ શિબિરમાં એનએસએસ યુનિટના સીતેર શિબિરાર્થીઓ ટીંબી હોસ્પિટલ પરિસર અને આજુબાજુમાં સફાઈકામ કરશે.

**ન્યૂઝ બ્રીફ**

## ઉમરાળામાં ગ્રામ સફાઇ અભિયાન



ઉમરાળાની પો.મુ. સર્વોદય હાઈસ્કુલમાં ચાલતા એન.એસ.એસ.યુનિટનાં ભાઈઓ દ્વારા ગ્રામ સફાઈ જાગૃતિ અભિયાન અંતર્ગત બસસ્ટેન્ડથી દરબારી ઉતારા ચોક સુધીના વિસ્તારમાં પ્લાસ્ટીકનાં નાશ સાથેની રોડની સફાઈ હાથ ધરવામાં આવી હતી. હાઈસ્કુલનાં શિક્ષક કુકડીયાની રાહબરી તળે અને આચાર્યનાં માર્ગદર્શન તળે આ સ્વચ્છતા ઝુંબેશ દરમ્યાન ગ્રામજનોને સફાઈ ... પ્રેરણા આપી હતી.

## સમર કેમ્પમાં ખેલાડીઓનો પુરુષાર્થ



ઉમરાળાની પી.એમ. સર્વોદય હાઈસ્કુલમાં સ્પોર્ટસ ઓથોરીટી દ્વારા ચાલી...

## નર્મદાના નીર પદ્ધતિનું નિરિક્ષણ



ઉમરાળાની પી.એમ. સર્વોદય હાઈસ્કુલના શિક્ષક સ્ટાફે શાળાની વિદ્યાર્થિનીઓને એક અનોખી દુર કરાવીને વર્ગખંડના શિક્ષણ ઉપરાંત વ્યવહાર શિક્ષણની અનુભૂતિ પણ કરાવી હતી. પીવાના પાણીનો કાયમી કકળાટ હટાવનાર નર્મદાના નીર ઉમરાળા તાલુકા સહિત જીલ્લાના અનેક ગામડાઓના લોકોની તરસ છીપાવવા આવતા... બરવાળા પાસેના નાવડામાં આવેલ સમ્પ દ્વારા વિતરીત થાય છે... દુરના ગામડાઓ સુધી આ નર્મદાના નીર પહોંચાડવાની પદ્ધતિ... નિરીક્ષણ કરીને બાળાઓ માહિતગાર થઈ હતી.

# ત્યારે સમગ્ર સૃષ્ટિ એક શાળા બની જાય છે.

નવમા ધોરણમાં હાઈસ્કૂલ પ્રવેશ વેળા નિદાનાત્મક કસોટી આપવા આવેલા આ બાળકો આજુબાજુ ના ગામની જૂદી-જૂદી પ્રાથમિક શાળાઓમાંથી આવતા હતાં સરવાળો બાદબાકી-વાંચન-લેખન જેવી સાવ સામાન્ય કસોટીમાં પણ ખૂબ જ નબળો દેખાવ જોવા બળ્યો ત્યારે નજર સામે એક 'મિશન' દેખાયુ અને પ્રયોગો શરૂ થયા. શાળા શરૂ થાય તે પહેલા જ ગણિત શિક્ષક આવા બાળકોને લઈને એક બાજુ ચાલ્યા જાય... અને ફરી જાણે એક નવા જ પ્રકારની પ્રાથમિક શાળા શરૂ થઈ જાય છે. તાળિયોના અવાજ સાથે.... પાંચ એકુ...પાંચ, પાંચ દુ..દશ ની જૂની ધૂન ઘડિયાગાન સાથે શરૂ થાય, અને ઘડિયાગાન પૂર્ણ થાય ત્યાં શરૂ થાય સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારની આંટા-પાટી... સંસ્કૃત શિક્ષક ભાષાના સ્પષ્ટ ઉચ્ચાર સાથે શબ્દરૂપો જયારે વિસર્ગના લાંબા લહેકા સાથે પિતા પિતરૌ...પિતરઃ ...માતા માતરૌ... માતર.... હ...હ

બોલાવે ત્યારે રસ્તે ચાલતા રાહદારીના મનમાં પણ આ અવાજ ઘુંટાતો રહે છે.

ભાષાના તાસમાં વ્યાકરણ ભણતી વેળા ''તારે ઝમીં પર'' ના ઈશાનની આંખો સામેથી અક્ષરોની દુનિયા દૂર ખસતી જાય છે અને શરુ થાય છે પંચતંત્રની વાર્તાઓની માયાવી સૃષ્ટિ .

''ધીંગામસ્તી'' અને ''બાલસૃષ્ટિ'' જેવા સામયિકો વાંચવા બાળકો પડા-પડી કરે છે. અને શરૂ થાય છે એક નવા જ પ્રકારનો વાંચન યજ્ઞ.

રમતાં રમતાં... ભણતાં કે ભણતાં ભણતાં... રમતાં આ ટબુકડા... ઢબુકડાને નિશાળ ગમવા લાગી છે. વધુ પડતા લેશનથી ઉપડતા પેટના દુઃખાવાના બદલે... હવે ઘરે મોકલવા માથાના દુઃખાવા બની જાય છે. રમત-ગમતના તાસમાં અમને રમાડો... અમને રમાડોના અવાજથી વાતાવરણમાં તાજગી ફેલાય જાય છે. તો વળી અંગેજી શિક્ષક રવિવારની રજામાં પણ I am માંથી We are બનીને સ્પેલિંગની ગોખણપટ્ટીના બદલે ક્રિકેટની ફટકાબાજી, ફુલ-રેકેટની ફેંકમ-ફેંકી અને ભૂલકાઓની પકડા...પકડી કરી વાતાવરણમાં જ નહી પરંતું બાળકોના ચહેરા પર પણ ગુલાબી રંગ લાવી આપે છે.

આમ રવિવારની ધમધમતી શાળા...ભણવું હોય તો ભણીએ...અને રમવુ હોય તો રમીએના મંત્રને સાર્થક કરે છે હવે હાજરીપત્રકમાં હાજરી પૂર્યા વગર જ..."" All Well" થઈ જાય છે. તો વળી પ્રયોગશાળામાં લાલ લીટમસ તો ભૂરો બને જ સાથો-સાથ બાળકોના ચહેરા પર પણ નવા રંગો ઉઘડે છે. અને પછી સહજ રીતે જ રંગોના મિશ્રણથી આખી પ્રક્રિયા ગોખ્યા વગર જ સમજી જવાય છે.

ગણિત-વિજ્ઞાન પ્રદર્શનના દિવસોમાં રાત્રે જાગરણ થાય છે અને જાણે ''વિશ્વની મહાનશોધ'' થવાની હોય તેવો ઉત્સાહ બાળ વૈજ્ઞાનિક સાથે તેને ઘડનારા શિક્ષકોમાં પણ જોવા મળે છે.

સોલાર ઉર્જાથી ચાલતા ખેતીનાં ઓજારની સાથે બાળકો પણ કોઈ ખેડૂતનાં ખેતરમાં પહોંચી જાય છે... ત્યારે શાળાને દીવાલો હોય છે તે ખ્યાલ તૂટી જાય છે. અને જાણે સમગ્ર સૃષ્ટિ એક શાળા બની જાય છે.

– આચાર્યશ્રીનો ઉદ્ગાર

# અમારો શાળા પરિવાર



## શ્રી પો. મૂ. સર્વોદય હાઈસ્કૂલ-ઉમરાળા

### માધ્યમિક વિભાગ

| અનું. નં | કર્મચારીનું નામ | હોદ્દો | શૈક્ષણિક લાયકાત | જન્મ તારીખ | આ શાળામાં દાખલ તારીખ |
|---|---|---|---|---|---|
| 1 | ડૉ. આર. બી. ગોહિલ | આચાર્ય | M.A., B.Ed.Ph.D | 20-02-1976 | 21-02-2015 |
| 2 | શ્રી એચ. સી. દવે | મ.શિ. | B.Sc., B.Ed | 06-08-1961 | 18-02-1986 |
| 3 | શ્રી બી. એલ. ગોયાણી | મ.શિ. | M.Sc., B.Ed | 02-01-1961 | 23-12-1987 |
| 4 | શ્રી એમ. એચ. વિંઝુડા | મ.શિ. | M.Sc., B.Ed | 17-02-1974 | 11-10-1999 |
| 5 | શ્રી પી. બી. ખીમાણી | મ.શિ. | M.A., B.Ed | 03-01-1973 | 12-07-2001 |
| 6 | શ્રી વી. એન. પટેલ | મ.શિ. | M.A., B.Ed | 26-03-1977 | 12-09-2002 |
| 7 | શ્રી ડી. આર. શિયાળ | મ.શિ. | M.A., B.Ed | 04-09-1978 | 28-02-2004 |
| 8 | શ્રી પી. બી. મકવાણા | મ.શિ. | M.A., D.B.Ed | 25-11-1978 | 28-02-2004 |
| 9 | શ્રી વી. એલ. ધામેલિયા | મ.શિ. | M.A., D.P.Ed | 26-06-1976 | 01-03-2005 |

### ઉચ્ચતર માધ્યમિક વિભાગ

| અનું. નં | કર્મચારીનું નામ | હોદ્દો | શૈક્ષણિક લાયકાત | જન્મ તારીખ | આ શાળામાં દાખલ તારીખ |
|---|---|---|---|---|---|
| 1 | શ્રી આર. એ. વડેરા | મ.શિ. | M.A., B.Ed. (M.A., Edu) | 06-09-1959 | 08-09-1983 |
| 2 | શ્રી રક્ષાબેન એ. દવે | મ.શિ. | M.A., B.Ed | 15-07-1959 | 24-09-1983 |
| 3 | શ્રી આર. કે. મહેતા | મ.શિ. | M.A., B.Ed | 28-07-1963 | 06-10-1988 |
| 4 | શ્રી નયનાબેન ડી. પરમાર | ઉદ્યોગ શિ. | B.A., G.C.D. Steno | 05-05-1960 | 18-01-1985 |
| 5 | શ્રી પી. એમ. જાની | મ.શિ. | M.A., B.Ed | 30-11-1972 | 13-12-1999 |
| 6 | શ્રી એમ. પી. સવાણી | મ.શિ. | M.A., B.Ed | 10-08-1970 | 10-08-2002 |
| 7 | શ્રી પી. બી. કુકડિયા | મ.શિ. | M.A.(NET), M.Ed | 01-04-1977 | 14-08-2002 |
| 8 | શ્રી અમીતાબેન સાવડિયા | શિ.સ. | M.A., B.ed. | 15-08-1987 | 10-12-2016 |
| 9 | | | | | |
| 10 | | | | | |

### બિન શૈક્ષણિક વિભાગ

| અનું. નં | કર્મચારીનું નામ | હોદ્દો | શૈક્ષણિક લાયકાત | જન્મ તારીખ | આ શાળામાં દાખલ તારીખ |
|---|---|---|---|---|---|
| 1 | શ્રી આર. વી. સોલંકી | ગ્રંથપાલ | ITI, G.D.A., ATD | 01-06-1971 | 14-09-2002 |
| 2 | શ્રી આર. એચ. સવાણી | હેડ ક્લાર્ક | H.S.C | 30-05-1969 | 05-05-1990 |
| 3 | શ્રી જી.સી. ઠાકર | પટ્ટાવાળા | STD - 8 | 30-10-1963 | 24-09-1998 |

સત્યમ્... શિવમ્... સુન્દરમ્...

## શ્રી સર્વોદય કેળવણી મંડળ
## ઉમરાળા

હાઈસ્કૂલ કેમ્પસ,
તા. ઉમરાળા, જિ. ભાવનગર.

ટ્રસ્ટ રજી. નંબર/તારીખ : એફ/૨૭, ભાવનગર, તા. ૨૦-૦૩-૧૯૬૪

### : કાર્યવાહક સમિતિ :

| ક્રમ | ટ્રસ્ટીશ્રીનું નામ | હોદો |
|---|---|---|
| ૦૧ | શ્રી વલ્લભભાઈ જીવાભાઈ સવાણી | માનાર્હ અધ્યક્ષ |
| ૦૨ | શ્રી રસીકભાઈ દેવજીભાઈ સવાણી | પ્રમુખ |
| ૦૩ | શ્રી પોપટભાઈ લાલજીભાઈ દિયોરા | ઉપ પ્રમુખ |
| ૦૪ | શ્રી જિતેન્દ્રસિંહ રાહુભા વાળા | મંત્રી |
| ૦૫ | શ્રી અમરીશભાઈ રજનીકાંતભાઈ સવાણી | ખજાનચી |
| ૦૬ | શ્રી જીવરાજભાઈ વાલાભાઈ સવાણી | સભ્ય |
| ૦૭ | શ્રી પંકજભાઈ માધવજીભાઈ પટેલ | ” |
| ૦૮ | શ્રી બટુકભાઈ ગગજીભાઈ સવાણી | ” |
| ૦૯ | શ્રી રસીકભાઈ (વીરાભાઈ) રામજીભાઈ સવાણી | ” |
| ૧૦ | શ્રી મનજીભાઈ દેવજીભાઈ સવાણી | ” |
| ૧૧ | શ્રી રામદેવસિંહ બી. ગોહિલ (આચાર્ય) | ” |